

# ROSHNI

**Reaching Out to Serve Humanity with New Initiatives**

**JUNE 2022 | Issue No. 31 | Monthly Newsletter**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:- પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું, અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

PRABHAT EDUCATION FOUNDATION



આત્મનિર્ભરતાના માર્ગ પર

# પ્રેરણાદાયી વાત







મેં જયારે સુરજને પહેલીવાર મારા ખોળામાં લીધો તે સમયે મારી ખુશીનો પાર ન રહ્યો. અમારા પરિવારમાં ખુશીનો માહોલ હતો. ધીમે-ધીમે હું સુરજની પરવરીશમાં લાગી અને સમય જવા લાગ્યો. સામાન્ય રીતે બાળક સાતમા-આઠમા મહિને બેસતા શીખે, પરંતુ મારું બાળક તો ઉલટું થઇ શકતું નહતું અને ખસી પણ શકતું નહતું. મને અંદરથી ચિંતા થવા લાગી. ત્યારબાદ અમે તરત જ ડોક્ટરને સંપર્ક કર્યો. ડોક્ટરે જણાવ્યા પ્રમાણે ડિલિવરી સમયે બાળકને પૂરતો ઓક્સિજન ન મળ્યો હોવાથી અને બાળક મોડું રડ્યું હોય તે કારણોસર બાળકના મગજને અસર થઇ અને માથાથી પગ સુધીનો ભાગ અસરગ્રસ્ત થઇ ગયેલ હતો. તે સમયે ડો. દ્વારા અમને જાણ થઇ કે સુરજ C.P.બાળક છે, અને તેને અત્યારથી જ કસરતની જરૂર છે. તેથી મેં તેને સાતમાં મહિનાથી જ કસરત ચાલુ કરાવી દીધી.

ધીમે-ધીમે સુરજ મોટો થતો ગયો અને મેં તેની સાથે કસરતની સાથે ફિઝિયોથેરાપી પણ ચાલુ કરાવી દીધી. મારો બાળક બોલતા મોડો શીખ્યો હોવાથી તેને સ્પીચથેરાપી પણ અપાવવાની શરુ કરી. સૂરજના બંને પગનું પહેલું ઓપરેશન 4 વર્ષની ઉંમરે થયું. તે સમયે હું મારી વૃંદાની માતા બની હતી. દવાખાનામાં ઉમંગને અને ઘરે વૃંદાને સાચવવાનું ખૂબ અઘરું પડતું, છતાંય હિમ્મત હાર્યા વગર મેં કાર્ય કર્યું. આમ કરતાં-કરતાં સુરજમાં કસરતને કારણે થોડો ફેર જોવા મળ્યો. 2007માં ધોરણ-1માં તેનું સ્કૂલમાં એડ્મીસન લીધું. સ્કૂલમાં સૂરજને હું જ લેવાં-મૂકવા જતી. ત્યારબાદ ઘરે આવીને તેને કસરત કરાવી ઘોડીથી ચાલતા શીખવાડ્યું, અને અમે 3 ફૂટ જેટલો ખાડો ખોદીને તેને રોજ ખાડામાં ઉતારીને ઉભા રાખતા અને ખાડાને રેતીથી પૂરી દેતા હતા. આવું નિયમિત રીતે કરવાથી તેના પગમાં સુધારો દેખાવા લાગ્યો અને તે થોડું ચાલતા શીખ્યો. સૂરજનું 10 વર્ષની ઉંમરે બીજું અને 15 વર્ષની ઉંમરે ત્રીજું ઓપરેશન કરવામાં આવ્યું. તેણે 16 વર્ષની ઉંમરે ધોરણ-10ની પરીક્ષા આપી સારા માર્કસે પાસ કર્યું, ત્યારે અમે ખૂબ જ ખુશ થયા. ત્યારપછી હિમ્મત રાખીને સુરજે ધોરણ-12ની પરીક્ષા આપી પાસ કર્યું. જયારે સુરજ ધોરણ-૧૦માં હતો ત્યારે અમે તેને પ્રભાત સંસ્થામાં લઈને આવ્યા હતા. સંસ્થામાંથી મળતી ફિઝીયોથેરાપી અને બીજી અનેક થેરાપીને કારણે તેનામાં ઘણો વિકાસ જોવા મળ્યો છે. સંસ્થામાં કરવામાં આવતી દરેક એક્ટીવીટી, પ્રવાસ, રમત-ગમત, ફેસ્ટીવલ ઉજવણીમાં સુરજને સામેલ કરવામાં આવતો, અને તે ઉત્સાહથી ભાગ પણ લેતો.

આમ કરતા-કરતા સુરજ આજે 21 વર્ષનો થઇ ગયો. અમારું જીવન ખૂબ જ કિંમતી છે ભગવાને અમને જે દિવ્ય અવસર સેવા કરવાનો સુરજના રૂપમાં આપ્યો છે, તે અમને સ્વીકાર્ય છે. ઈશ્વર અમને શક્તિ આપે. અમારાથી બનતી બધી જ કોશીષો દ્વારા સુરજને સાજો કરીએ એવી ઈશ્વર પાસે ઈચ્છા રાખીએ!

- રેખા પારેખ (સુરજની મમ્મી)

# જન્મદિનની શુભેછા!

"બાર બાર દિન યે આયે,
બાર બાર દિલ યે ગાયે,
તુમ જીઓ હજારો સાલ,
સાલ કે દિન હો હજાર,
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
જન્મદિન નિમિત્તે પ્રભાત ટીમ તરફથી ખૂબ-ખૂબ શુભેછા!



3rd July, પ્રણવભાઈ

**હેપ્પી સ્ટ્રીટ ઈવેન્ટ:-** અમદાવાદના લૉ-ગાર્ડન વિસ્તારની એક સ્ટ્રીટમાં અપ્રોચ સંસ્થા દ્વારા "હેપ્પીસ્ટ્રીટ"ઈવેન્ટનુંઆયોજન કરવામાં આવતું હોય છે. નક્કી કરેલા દિવસે ખૂબ જ વ્યસ્ત રહેતી સ્ટ્રીટમાં વાહનોની અવરજવરને બંધ કરી, ઈવેન્ટ કરવામાં આવતી હોય છે. આ ઈવેન્ટમાં અલગ-અલગ પ્રકારની એક્ટિવિટીઓ થતી હોય છે. જેમ કે, ડાન્સ, મ્યુઝિક, રમતગમત, ડ્રોઈંગ કોમ્પીટીશન, યોગા, ઝુમ્બા વગેરે… સંસ્થાના બાળકોએ આ મહિને "હેપ્પી સ્ટ્રીટ" ઈવેન્ટમાં ભાગ લઇ તકનો લાભ લીધો હતો. આપણા બાળકોને આ ઈવેન્ટમાં બીજી સંસ્થા, સ્કૂલ અને કોલેજના બાળકો સાથે મળીને એક્ટીવીટી, રમતગમત કરવાની તક મળતી હોય છે. સંસ્થાના બાળકો આવી ઈવેન્ટમાં જઈને આનંદ અનુભવી ખૂબ મઝા માણતા હોય છે.

**વોલિયન્ટર્સ અપડેટ્સ:-** સંસ્થા હંમેશાથી વોલિયન્ટર્સને આવકારતી હોય છે. વોલિયન્ટર્સના કારણે સંસ્થાને ઘણી મદદ મળી રહેતી હોય છે. અમદાવાદ યુનિવર્સીટીના સ્ટુડન્ટ્સ સંસ્થા સાથે ઘણા સમયથી વોલિયન્ટર્સ તરીકે જોડાયેલા છે. આ મહિને તેઓને સંસ્થા દ્વારા 'ડેટા મેનેજમેન્ટ' અને 'ડેટા ઓર્ગેનાઈઝેશન' જેવા ટોપિકને લગતી માહિતી આપવામાં આવી હતી. જેને કારણે તેઓ તે પ્રકારના કાર્યમાં સંસ્થાને મદદ કરી શકે. તે ઉપરાંત આ મહિને એલ. જે. કોલેજના સ્ટુડન્ટ્સ પણ સંસ્થા સાથે વોલિયન્ટર્સ તરીકે જોડાયા છે. સંસ્થાના 14 બાળકોને ત્યાં તેઓને હોમ-વિઝીટ કરાવી બાળકોને પડતી મુશ્કેલીઓ, પ્રાથમિક જરૂરિયાતો, તેમને મળતા લાભો વિશેની માહતી આપી સ્ટુડન્ટ્સનું અવેરનેસ વધારવામાં આવ્યું.

**વિઝીટર્સ:-** આ મહિને સંસ્થાના દાણીલીમડા સેન્ટરમાં MAZDA CO. માંથી શ્રી નિશીતભાઈ મુલાકાતે આવ્યા. તેમણે સેન્ટરના વોકેશનલ યુનિટરૂપે ચાલતા કેફેનો અનુભવ લીધો અને બાળકો દ્વારા તૈયાર કરાવવામાં આવેલી વાનગીની મજા લીધી. તે ઉપરાંત શ્રીમતી પરિન્દા નાણાવટીએ સંસ્થાના સેન્ટરની વિઝીટ લીધી હતી. તેઓએ સંસ્થાની ટીમ સાથે સંસ્થાની કામગીરી અંગેની વાતચીત કરી.

**પેરેન્ટ્સ કાઉન્સિલીંગ:-** સંસ્થા આંગણવાડીના બાળકો સાથે કાર્યમાં જોડાયેલી છે, ત્યારે સંસ્થા દ્વારા આંગણવાડી બાળકોના પેરેન્ટ્સ સાથે મીટીંગ અને કાઉન્સિલીંગનું આયોજન કરવામાં આવ્યું. આમાં પ્રાથમિક જરૂરિયાતો, આર્થિક, સામાજિક, શૈક્ષણિક જેવી સમસ્યાઓને લગતા પ્રશ્નો અંગે ચર્ચા કરી પેરેન્ટ્સને સહાય કરવામાં આવી હતી.

**પ્રિપરેટરી કલાસ:-** સંસ્થાએ એક મેપિંગ એપ્લીકેશન દ્વારા સર્વે કર્યો હતો. તે સર્વેમાં સંસ્થાને 34 દિવ્યાંગ માઈલ્ડ અને મોડરેટ બાળકોની જાણકારી પ્રાપ્ત થઈ. આ બાળકોને શિક્ષણ, થેરાપી અને કાઉન્સિલીંગ દ્વારા પ્રિપરેટરી ટ્રેનિંગ આપી તેઓને સામાન્ય સ્કૂલ માટે તૈયાર કરવા એ હેતુથી સંસ્થાએ પ્રિપરેટરી કલાસની શરૂઆત કરી. આ ટ્રેનિંગ માટે આવેલ બાળકોનું ફિઝિયોથેરાપીસ્ટ દ્વારા એસેસમેન્ટ, કાઉન્સિલીંગ અને ડોક્યુમેન્ટેશન કરવામાં આવતું હોય છે. તે ઉપરાંત પ્રાથમિક આરોગ્યલક્ષી માહિતીમાં બાળકોને લગતી તબીબી સમગ્ર માહિતી તથા કૌટુંબિક, સામાજિક, આર્થિક, શૈક્ષણિક માહિતી પણ લેવામાં આવતી હોય છે. જેના કારણે બાળકોની માહિતી અને પરિવારને લગતી માહિતીનો ખ્યાલ આવી શકે. સાથોસાથ બાળકોના દરેક ડોક્યુમેન્ટેશનને લગતી માહિતી પણ એકત્રિત કરવામાં આવે છે.

**મેડીકલ કેમ્પ:-** સંસ્થા જે બાળકો સાથે કાર્યરત છે. તે બાળકોને અસેસમેન્ટની જરૂર પડતી હોય છે. તે વાતને ધ્યાનમાં લઈને આ મહિને સંસ્થાએ મેડીકલ કેમ્પનું આયોજન કર્યું. તેમાં બાળકોનું સાયકોલોજિકલ એસેસમેન્ટ અને ડૉક્ટર બ્રિન્દા શાહ દ્વારા વિનામૂલ્યે આઈ ચેક-અપનું આયોજન કરવામાં આવ્યું. કેમ્પમાં 21 બાળકોનું એસેસમેન્ટ કર્યા બાદ તેમના વાર્ષિક ગોળ અને કાર્યપધ્ધતિ નક્કી કરવામાં આવી હતી.

**મંથલી એક્ટીવીટી:-** સંસ્થાના સ્પેશિયલ એજ્યુકેટર દર મહિને બાળકોના ગોલને નક્કી કરી બાળકોને એક્ટીવીટી કરાવતા હોય છે. આ મહિને બાળકોને મનોરંજન અને રમતગમત સાથે શિક્ષણ અને થેરાપી મળે તેવી એક્ટીવીટી કરાવવામાં આવી. જેમાં સંગીત, ડાન્સ, યોગા, પ્રિ-રાઈટિંગ, પ્રિ-રીડિંગ, ADL એક્ટિવિટીનો સમાવેશ થાય છે.

**ડિસ્ટ્રીબ્યુશન કેમ્પ:-** ઘણા સમયથી મુથુટ ફાઈનાન્સ સંસ્થા સાથે CSR એક્ટીવીટી માટે જોડાયેલું છે. તેના ભાગરૂપે આ મહિને સંસ્થાના 50 જેટલા બાળકોમાં એજ્યુકેશન કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ કીટમાં લંચબોક્સ, કંપાસબોક્સ, પેન, પેન્સિલ, રાઈટિંગ-પેડ, વૉટરબોટલ વગેરેનો સમાવેશ થાય છે. તે ઉપરાંત સંસ્થાના એક મિત્ર દ્વારા બાળકોને વાંચન-લેખનના મટીરીયલનું પણ વિતરણ કરવામાં આવ્યું. સંસ્થાના ફિઝિયોથેરાપીસ્ટ ખુશ્બુબેન દ્વારા બાળકોને કપડાંનું વિતરણ પણ કરવામાં આવ્યું.

**એક દિવસ પ્રભાતના નામે:-** સંસ્થાના મિત્રએ તેમના જન્મદિન નિમિત્તે તથા એક મિત્રએ પોતાના ખાસ દિવસની ઉજવણી નિમિત્તે બાકોને જમાડીને અને સરસ ગિફ્ટ્સ આપીને દિવસ પસાર કર્યો હતો. બાળકો સાથે અલગ અલગ પ્રવૃત્તિ તેમજ રમતો રમીને તેઓ દિવસને યાદગાર બનાવતા હોય છે. આવા દિવસોની બાળકો આતુરતાથી રાહ જોતા હોય છે.

**સહાયક સેવાઓ:-** વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યકિતઓને જીવનમાં સામાન્ય કેટલીક જરૂરિયાતો પૂરી પાડવા માટે સહાયક સેવાઓની સુવિધા ખૂબ જરૂરી બનતી હોય છે. આ મહિને સંસ્થાની ટીમ દ્વારા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યકિતઓને કેટલીક સેવાઓ પૂરી પાડવામાં આવી છે: સિવિલ સર્ટી:- 11 ફોર્મ, રેલવે પાસ:- 03 ફોર્મ, એસ.ટી.પાસ:- 08 ફોર્મ, પેન્શન યોજના:- 08 ફોર્મ, બેન્ક એકાઉન્ટ:- 04 એકાઉન્ટ.
તે ઉપરાંત આ મહિને સમાજ સુરક્ષા ખાતા દ્વારા સંસ્થાના 2 બાળકોને સંગીતના સાધનો આપવામાં આવ્યા.

# ફોટો-ગેલેરી



યોગાદિન સેલિબ્રેશન



એક દિવસ પ્રભાતના નામે



વોકેશનલ યુનિટ




સંસ્થાના કેન્દ્રનું ઉદ્ઘાટન S.V.P ટીમ સાથે



બડી-ઈન્ટરેક્સન એક્ટીવીટી



હેપ્પી-સ્ટ્રીટ ઈવેન્ટ



આઈ ચેક-અપ કેમ્પ



કપડાં વિતરણ



પ્રિપરેટરી ટ્રેનિંગ



વોલિયન્ટર્સની બાળકોને ત્યાં હોમ-વિઝીટ

**PRABHAT EDUCATION FOUNDATION**
A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION